# બીડી-કામદારોનું 'ઘર'નું સપનું રોળાઇ જશે?

જેમની માસિક આવક રૂ. ૭૦૦ પણ નથી એવાં બીડી-કામદાર કુટુંબો માટે હાંસોલમાં રૂ. બાવીસ લાખના ખર્ચે બંધાયેલાં એકસો દસ રહેઠાણોમાં ગૃહપ્રવેશની વિધિ થાય એ પહેલાં જ રહેઠાણો તોડવા પડે એવી સ્થિતિ સર્જાય છે અને તેનું નિમિત્ત બનશે અમદાવાદમાં ટૂંક સમયમાં શરૂ થયેલી આંતરરાષ્ટ્રીય વિમાની સેવાઓ.

આ સમગ્ર ઘટનામાં નવા નિવાસમાં રહેવાની રાહ જોઈને બેઠેલાં કુટુંબોનો કોઈ વાંક નથી. હાંસોલમાં આ સ્થળે મકાનો બાંધવા નેશનલ એરપોર્ટ ઓથોરિટીએ 'નો ઓબજેક્શન' સર્ટિફિકેટ પણ આપ્યું હતું. એ પછી જ આ મકાનોનું બાંધકામ પૂરું થયું હતું અને ત્યાં સુધીમાં તો અમદાવાદને આંતરરાષ્ટ્રીય વિમાની મથક મળશે કે નહીં મળે એના અનેક વિવાદો થયા છે. કયારેક ગુજરાત સરકારના જમીન સંપાદન માટે ઢીલા વલણની તો કયારેક કેન્દ્ર સરકારના ગુજરાત અંગે ઓરમાયા વલણની આકરી ટીકા પણ થઈ છે. પરંતુ હવે આ ગરીબ કુટુંબોનું ઘરના ઘરનું સાકાર થતું સ્વપ્નું ઓચિંતુ કડડડભૂસ થઈ જશે એનો ખ્યાલ રાખવાનું ચૂકાઈ જવાયું છે.

એરપોર્ટ ઓથોરિટીની મંજૂરી પછી હુડકોએ આ આવાસો માટે રૂ. અગિયાર હજારનું ધિરાણ આપ્યું છે. ભીલવાડા ખાતેના બીડી વર્કર્સ વેલફેર ફંડમાંથી પણ રૂ. પાંચ-પાંચ હજારની અને રાજ્ય સરકારના વેલફેર ફંડમાંથી રૂ. એક-એક હજારની સહાય મળી છે. મકાનોના બાંધકામની કામગીરી પૂરી થઈ ત્યારે મૂળ સોળ હજારની નિર્ધારિત કિંમતવાળાં આ મકાનોની પડતર કિંમત રૂ. વીસ હજાર થઈ છે. એથી તેમને રૂ. ૭૫ના માસિક હપતાને બદલે જો રહેવા ગયા હોત તો રૂ. ૧૨૪નો હપતો ચૂકવવો પડત. મનેકમને રૂ. ૭૦૦થી ઓછી આવકવાળાં કુટુંબો સવાસો રૂપિયાનો આ હપતો ચૂકવવા પણ તૈયાર થયાં છે પરંતુ એ છતાંય આ મકાનો એમના નસીબમાં નથી.

મકાનો બાંધવાનો 'ઔડા'નો આ પહેલો જ અનુભવ હતો. વીસ વર્ષ હપતો ચૂકવવાનો હોય તો મકાનો એટલાં વર્ષ ટકી રહે તેવાં હોવાં જોઈએ ને? આથી કોન્ટ્રાક્ટર સ્પેસીફીકેશન પ્રમાણે માલસામાન નહીં વાપરે એ દહેશતે બીડી-કામદાર બહેનોએ 'સવેરા' નામની સહકારી મંડળી સ્થાપી બાંધકામ દરમિયાન સવાર-સાંજ સતત હાજરી આપી છે. આવી જાગૃતિ સામે કોન્ટ્રાક્ટરોએ પણ ઓછી પજવણી કરી નથી. સવારે પાણું ભરવાનું હોય અને બહેનો આવી ગયાં હોય તો કામ જ શરૂ ન કરે. કયારેક એમની ગેરહાજરીનો પણ લાભ લઈ લે. એમ કરતાં કરતાં મકાનો તૈયાર તો થયાં. બહેનોએ એની આસપાસ વૃક્ષો પણ વાવ્યાં. ગઈ બીજી ઓકટોબરે આ આવાસોનું ઉદ્ઘાટન થવાનું હતું પણ એના થોડા જ દિવસ અગાઉ નેશનલ એરપોર્ટ ઓથોરિટીએ આ મકાનમાં ગૃહપ્રવેશ માટે મનાઈ ફરમાવી દીધી છે.

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય વિમાની સેવાનો પ્રારંભ થશે ત્યારે આ મકાનો તો નડવાનાં નથી જ. શરૂઆતમાં તો એમ પણ કહેવામાં આવ્યું કે આ મકાન 'ફનલ એરિયા'માં આવે છે (આવો એક વિસ્તાર અમદાવાદમાં મેઘાણીનગરમાં છે જ્યાં ઉપરથી વિમાન પસાર થાય ત્યારે મકાનો ધ્રૂજે છે અને અભરાઈ પરથી વાસણો હેઠાં પડે છે.) પછી કહેવામાં આવ્યું કે આ મકાનો 'ફનલ' એરિયામાં નથી પણ જ્યારે જમ્બો જેટ આવશે ત્યારે 'રન-વે'ની આજુબાજુ ૧૧૫૦ ફૂટ જમીન ફાજલ છોડવી પડશે હવે કેવળ એ જ ગણતરીએ આ મકાનોનો કબજો આપવાનું મુલતવી રખાયું છે. અલબત્ત જમ્બો જેટને આવતાં પાંચ વર્ષ લાગશે કે દસ વર્ષ તેની કોઈને જાણ નથી. કદાચ જમ્બો-જેટ ન પણ આવે. કેમકે અહીંથી વિદેશ જનારા ઉતારુઓને મુંબઈ લાવવા એર-ઇન્ડિયાએ ઇન્ડિયન એરલાઈન્સ પાસે 'એર-બસ' ઉડ્ડયન સેવા માગી છે.

આ મકાનો બાંધનાર 'ઔડા'નું આશ્વાસન એવું છે કે એરપોર્ટ ઓથોરિટી જ્યારે કલમ (૪) હેઠળ નોટિફીકેશન બહાર પાડી જમીન સંપાદન કરશે ત્યારે મકાનની કિંમત વસૂલ કરી લેવાશે અને એ રકમ બીડી-કામદારો માટે નવાં આવાસો બાંધવા વાપરી શકાશે. અલબત્ત નવાં મકાનોનો ખર્ચ કેટલો થશે, આ કુટુંબો એ ખર્ચના પ્રમાણમાં હપતો ચૂકવી શકશે કે કેમ તે મોટો સવાલ છે અને એનો જવાબ કદાચ અત્યારે 'ઔડા' પાસે પણ નહીં હોય.

જોકે, 'ઔડા'એ મકાનો બાંધવા બીજી જમીન આપવાની તૈયારી બતાવી છે. એટલું જ નહીં એક વર્ષમાં મકાનો તૈયાર કરવાની હૈયાધારણ પણ આપી છે. પણ એમને નવા નિવાસનું સુખ કયારે મળશે તે કોઈને ખબર નથી.

નેશનલ એરપોર્ટ ઓથોરિટી એવું માને છે કે જમીન સંપાદન માટે જે ખર્ચ થાય તે રાજ્યસરકારે ચૂકવવો પડશે. બીજી બાજુ 'ઔડા' એવું માને છે કે ઓથોરિટી જમીન સંપાદન કરશે ત્યારે બાંધકામનો ખર્ચ જમીનના કિંમતમાં વસૂલ કરી લેવાશે.

જોકે આ બહેનોએ તો નવા મકાનમાં રહેવા જતાં અગાઉ મ્યુનિસિપલ કોર્પોરેશનને કહીને બસ-સેવા શરૂ કરાવી. હાંસોલમાં એમને કામ આપે તેવા ઠેકેદાર પણ શોધી કાઢ્યા પણ એમને એમના કમનસીબ કે કરમની કઠણાઈની ખબર ન હતી.

હવે ઉદ્ઘાટનના થોડાક જ દિવસો અગાઉ મળેલો 'મનાઈ હુકમ' ઊઠશે કે નહીં તેની કોઈને ખબર નથી. 'સેવા'એ બીડી-કામદાર મહિલાઓનું સપનું સાકાર થાય તે માટે અને હવે એમને ન્યાય મેળવવા બધા પ્રયત્નો શરૂ કરી દીધા છે.